For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વાંકાનેડા દરોડાના ચાર જ દિવસમાં સતત બીજી મોટી સફળતાથી ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ

# ડેસર તાલુકામાં ખાણ-ખનિજ વિભાગનો સપાટો સાંઢાસાલમાં રૂ. ૭૦ લાખનો મુદ્દામાલ સીઝ

**ખાણ-ખનિજ** વિભાગનો સરપ્રાઇઝ દરોડો; ૧ લોડર, ૪ ટ્રેક્ટર અને રેતી ચાળવાના સાધનો જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા/સાવલી તા.21

વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી બેફામ બનીને ચાલતી ગેરકાયદેસર રેતી ખનન અને વહનની પ્રવૃત્તિઓ પર ખાણ-ખનિજ વિભાગે આક્રમક રીતે લાલ આંખ કરી છે. વડોદરા જિલ્લા કલેક્ટર તેમજ ભૂસ્તરશાસ્ત્રી નીરજ ગામિતના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ ખાણ-ખનિજ વિભાગની ટીમે દરોડાનો દૌર યથાવત્ રાખતા તાલુકાના સાંઢાસાલ ગામ નજીક છાપો મારીને મોટી કાર્યવાહી પાર પાડી છે.

મળતી માહિતી મુજબ, સાંઢાસાલ ગામની સીમમાંથી બિનઅધિકૃત રીતે મોટા પાયે રેતીનું ખનન અને હેરફેર થઈ રહી હોવાની ચોક્કસ બાતમી ખાણ-ખનિજ વિભાગને મળી હતી. આ બાતમીના આધારે તંત્રની ટીમે અચાનક દરોડો પાડીને સ્થળ પરથી ગેરકાયદે ખનનમાં વપરાતું ૧ લોડર મશીન, રેતીની હેરફેર કરતાં ૪ ટ્રેક્ટર તેમજ રેતી ચાળવાના ચાયણો સહિતનો સાધન-સામગ્રીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ તમામ મુદ્દામાલની અંદાજિત કિંમત રૂ. ૭૦ લાખ આંકવામાં આવી છે. તંત્રે તમામ વાહનો અને સાધનો સીઝ કરી, કાયદાકીય જોગવાઈ મુજબ દંડકીય કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખાણ-ખનિજ વિભાગે માત્ર ચાર દિવસ પૂર્વે જ ડેસર તાલુકાના વાંકાનેડા ગામેથી પસાર થતી મેસરી નદીના પટમાં ચાલતા બિનઅધિકૃત ખનન પર મોટો દરોડો પાડ્યો હતો. એ જટિલ કામગીરી દરમિયાન નદીના પટમાંથી ૨ હિટાચી મશીન અને ૩ ડમ્પર સહિત કુલ રૂ. ૧.૬૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. માત્ર ચાર દિવસના ટૂંકા ગાળામાં સતત બીજી કડક કાર્યવાહી કરીને તંત્રે કુલ રૂ. ૨.૩૦ કરોડનો મુદ્દામાલ સીઝ કરતાં સમગ્ર વડોદરા જિલ્લાના ખનિજ માફિયાઓ અને ગેરકાયદે પ્રવૃત્તિ આચરતા તત્વોમાં ભારે ધ્રાસકો પડ્યો છે. ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે તાલુકામાં ગેરકાયદેસર ખનન સામે વિભાગની 'ઝીરો ટોલરન્સ' નીતિ આગામી દિવસોમાં પણ આ જ રીતે કડકપણે ચાલુ રહેશે. ગેરકાયદેસર રીતે નદીના પટ કે જમીનમાંથી રેતી ચોરી કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ દંડકીય અને કાયદાકીય કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવશે.



પોલીસ ભવનમાં ગાર્ડ ઓફ ઓનર સાથે ભવ્ય સ્વાગત

# શહેરની પ્રથમ મુલાકાતે DGP જી એસ મલિક, સેફ સિટી' માટે અધિકારીઓને મહત્વના આદેશ

**ઉચ્ચસ્તરીય** સમીક્ષા બેઠકમાં ટ્રાફિક, સાયબર ક્રાઈમ અને સ્ટ્રીટ ક્રાઈમ સામે કડક કાર્યવાહી પર ભાર મુકાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.21

ગુજરાતના નવા પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જી.એસ. મલિક વડોદરાની પ્રથમ સત્તાવાર મુલાકાતે આવ્યા છે. દરમિયાન શહેરની કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થાની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી. પોલીસ ભવન ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં તેમણે શહેરને વધુ સુરક્ષિત અને ગુનામુક્ત બનાવવા માટે પોલીસ અધિકારીઓને અનેક મહત્વપૂર્ણ સૂચનો આપ્યા હતા.

ગુજરાતના નવા નિયુક્ત પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જી.એસ. મલિક મંગળવારે વડોદરાની પ્રથમ મુલાકાતે પહોંચ્યા હતા. પોલીસ ભવન ખાતે પહોંચતા જ વડોદરા શહેર પોલીસ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર અર્પણ કરવામાં આવ્યો હતો. શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે પુષ્પગુચ્છ અર્પણ કરી ડીજીપીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પોલીસ ભવન ખાતે વડોદરા શહેર તેમજ આસપાસના જિલ્લાઓના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ડીજીપી મલિકે શહેરની કાયદો-વ્યવસ્થા, ગુનાખોરીની સ્થિતિ, ટ્રાફિક વ્યવસ્થા, આંતરિક સુરક્ષા અને પોલીસ કામગીરી અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. ડીજીપીએ ખાસ કરીને સ્ટ્રીટ ક્રાઈમ, સાયબર ક્રાઈમ અને સંગઠિત ગુનાખોરી સામે વધુ અસરકારક અને ઝડપી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. ટ્રાફિક જામ અને અકસ્માતો ઘટાડવા માટે નવીન આયોજન અમલમાં મૂકવા ભાર મૂક્યો હતો. શહેરમાં રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવા, સંવેદનશીલ વિસ્તારોમાં સતત નજર રાખવા તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તમામ અધિકારીઓને સતર્ક અને જવાબદાર રીતે કામગીરી કરવાની સૂચના આપી હતી.

# સયાજી હોસ્પિટલમાં PM-JAY હેલ્પ ડેસ્કનું સર્વર ઠપ

**સવારે ૭** વાગ્યાથી લાઈનમાં ઊભેલા દર્દીઓએ ૬થી ૭ કલાક રાહ જોઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ત્રીજા માળે આવેલા આયુષ્માન ભારત PM-JAY-મા યોજનાના હેલ્પ ડેસ્ક પર મંગળવારે સર્વર ડાઉન થતાં દર્દીઓ અને તેમના સ્વજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સવારે 7 વાગ્યાથી આયુષ્માન કાર્ડની પ્રક્રિયા માટે લોકો લાંબી કતારમાં ઊભા રહ્યા હતા, પરંતુ ટેકનિકલ ખામીના કારણે 6થી 7 કલાક સુધી કામગીરી શરૂ થઈ શકી નહોતી. ગરમી અને ઉકળાટ વચ્ચે દર્દીઓ તથા તેમના પરિવારજનોને ભૂખ્યા-તરસ્યા રાહ જોવી પડી હતી. દર્દીઓએ આક્ષેપ કર્યો કે લાંબા સમય સુધી કોઈ જવાબદાર અધિકારી યોગ્ય માહિતી કે માર્ગદર્શન આપવા હાજર રહ્યા નહોતા. સર્વર બંધ રહેતાં સારવાર સંબંધિત પ્રક્રિયા પણ પ્રભાવિત થઈ હતી. આ ઘટનાને



લઈને દર્દીઓ અને સ્વજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. હોસ્પિટલ તંત્રે ટેકનિકલ ખામી દૂર કરવા પ્રયાસો હાથ ધર્યાનું જાણવા મળ્યું છે.

# ભારતમાલા એક્સપ્રેસ-વે પર ટોલના દરમાં ૫% વધારો ઝીંકાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરાથી ભરૂચ અને દહેગામ વચ્ચેના ભારતમાલા (મુંબઈ-દિલ્હી) એક્સપ્રેસ-વે પર આજથી ટોલના નવા દર અમલમાં આવ્યા છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા ટોલમાં અંદાજે 5 ટકા વધારો કરવામાં આવ્યો છે. નવા દર મુજબ કાર અને વાન માટે રૂ. 5, એલસીવી માટે રૂ. 10, બસ-ટ્રક માટે રૂ. 20 અને થ્રી-એક્સલ વાહનો માટે રૂ. 25 સુધીનો વધારો કરવામાં આવ્યો છે. વડોદરા જિલ્લાના દોડકા, ફાજલપુર, સમીયાલા અને સાંપા ટોલ પ્લાઝા પર નવા દર લાગુ થયા છે. ત્રણ મહિના પહેલાં ટોલમાં 20થી 30 ટકા ઘટાડો કરવામાં આવ્યો હતો, પરંતુ હવે ફરી વધારો થતાં મુસાફરો અને વાહનચાલકોને વધુ ખર્ચ સહન કરવો પડશે. આ એક્સપ્રેસ-વે પર ઓક્ટોબર-2024થી ટોલ વસૂલાત શરૂ થઈ હતી અને ત્યારથી સમયાંતરે દરોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે.

24 જુલાઈ સુધી યલો એલર્ટ, મહત્તમ તાપમાન 33 ડીગ્રીની આસપાસ રહેવાની સંભાવના

# શહેરમાં મેઘરાજાનું ધમાકેદાર આગમન બે કલાકમાં ૧.૪૧ ઈંચ વરસાદ ખાબક્યો

**ગરનાળાઓ** સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા ચાલકોને હાલાકી




અલકાપુરા ગરનાળામાં ભરાયેલા ઘૂંટણસમા પાણીમાં વાહનો બંધ થઈ જતા મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકો ધક્કા મારતા નજરે પડે છે.

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરમાં આગામી એક સપ્તાહ સુધી વરસાદી માહોલ રહેશે. કેટલા દિવસોના અંતરાલ બાદ મંગળવારે સાંજે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી.

મંગળવારે વડોદરાનું મહત્તમ તાપમાન 30.6 ડીગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા 1.3 ડિગ્રી ઓછું છે. જ્યારે લઘુત્તમ તાપમાન 26.8 ડીગ્રી રહ્યું હતું. છેલ્લા 24 કલાકમાં 6 મીમી વરસાદ નોંધાયો છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ 85 ટકા અને સાંજે 86 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગે 21 જુલાઈથી 24 જુલાઈ સુધી વડોદરા માટે ભારે વરસાદ ની યલો એલર્ટ જાહેર કરી છે. આ ચારેય દિવસ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

વડોદરા જિલ્લા કન્ટ્રોલ રૂમ મુજબ મંગળવારે સવારે 8 વાગ્યા સુધીના આંકડા મુજબ વડોદરા જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં સરેરાશ 9.75 મીમી વરસાદ નોંધાયો છે. જિલ્લાના 8 તાલુકામાંથી વડોદરા તાલુકામાં 36 મીમી વરસાદ સાથે સૌથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે પાદરામાં 12 મીમી, કરજણમાં 11 મીમી, વાઘોડિયામાં 9 મીમી અને સિનોરમાં 6 મીમી વરસાદ નોંધાયો છે. ડભોઈમાં 2 મીમી અને દેસરમાં 2 મીમી વરસાદ પડ્યો છે. સાવલીમાં આજે વરસાદ નોંધાયો નથી. જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ 183.75 મીમી પર પહોંચ્યો છે. સૌથી વધુ કુલ વરસાદ સિનોરમાં 312 મીમી નોંધાયો છે.

# રિક્ષામાં વૃદ્ધાની સોનાની ચેઈન ભરેલું પર્સ બે મહિલાએ ચોરી લીધું

**મહુધાથી** પરત ફરતી વખતે સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી ગોરવા જતી રિક્ષામાં હાથ અજમાવ્યો, CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

65 વર્ષીય વૃદ્ધા મહિલા મહુધાથી પરત ફરી ગોરવા જતી રિક્ષામાં બેઠા હતા. ત્યારે સાથે અગાઉથી બેઠેલી બે અજાણી મહિલાઓએ તેમની નજર ચૂકવી થેલામાંથી અંદાજે રૂ.1 લાખની કિંમતની 20 ગ્રામ વજનની સોનાની ચેઈન મૂકેલુ પર્સ ઉઠાવી ફરાર થઈ ગઈ હતી. ગોરવા પોલીસે ગુનો નોંધી રિક્ષાના રૂટ પરના CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

ગોરવાના તુલસી કોમ્પ્લેક્સ સહયોગ વિસ્તારમાં રહેતા 65 વર્ષીય હંસાબેન કિશોરભાઈ શર્માએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પોતાની બહેન ગીતાબેન સાથે 19 જુલાઈના રોજ મહુધા ખાતે બેસણામાં ગયા હતા. પરત ફરતી વખતે મહુધા બસ સ્ટેન્ડ પર તેમણે ગળામાં પહેરેલી અંદાજે 20 ગ્રામ વજનની સોનાની ચેઈન ઉતારી નાના પર્સમાં મૂકી હતી.

ત્યારબાદ બંને બહેનો બસ મારફતે વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પહોંચ્યા હતા. ત્યાંથી ગોરવા શાક માર્કેટ જવા માટે તેમણે રિક્ષા પકડી હતી. રિક્ષામાં તેમની સાથે બે અજાણી મહિલાઓ પણ મુસાફરી કરી રહી હતી.

ગોરવા શાક માર્કેટ નજીક પહોંચીને રિક્ષામાંથી ઉતર્યા બાદ હંસાબેને થેલો તપાસતા તેમાં રાખેલો નાનો પર્સ ગાયબ હોવાનું જણાયું હતું. પર્સમાં અંદાજે રૂ.1 લાખની કિંમતની 20 ગ્રામ વજનની સોનાની ચેઈન હતી. હંસાબેને શંકા ગઈ કે રિક્ષામાં સાથે બેઠેલી બે અજાણી મહિલાઓએ તેમની નજર ચૂકવી થેલામાંથી પર્સની ઉઠાંતરી કરી હતી. ઘટનાની જાણ થતાં ગોરવા પોલીસે અજાણી મહિલાઓ સામે ગુનો નોંધી રિક્ષાના રૂટ પર આવેલા CCTV કેમેરાના ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે.

સાવલીના કરચિયા કેનાલ પાસે મળેલી ૬૬ વર્ષીય વૃદ્ધની લાશનો ભેદ ઉકેલાયો

# દમણ ફરવા માટે પૈસાની લાલચમાં ૧૭ વર્ષના કિશોર દ્વારા વૃદ્ધની હત્યા

**બે પશુ** વેચી રૂપિયા મેળવ્યા હોવાની કબુલાત

**હત્યામાં** વપરાયેલી લાકડી, વેચાયેલા પશુઓ અને CCTVના આધારે કિશોર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

સાવલી તાલુકાના કરચિયા રોડ નજીક કેનાલ પાસેથી 66 વર્ષીય રમણભાઈ રાઠોડિયાની હત્યાના ચકચારી કેસનો સાવલી પોલીસે માત્ર 36 કલાકમાં ભેદ ઉકેલી કાયદાના સંઘર્ષમાં આવેલા 17 વર્ષના કિશોરને ઝડપી પાડ્યો છે. પૂછપરછ દરમિયાન કિશોરે દમણ ફરવા જવા માટે પૈસાની જરૂર હોવાથી હત્યા કરી હોવાની કબૂલાત આપી હતી.

**પોલીસને ગેરમાર્ગે દોરવા ઘટનાસ્થળે જ ફરતો રહ્યો કિશોર**

હત્યા બાદ કિશોરે પોતાને શંકાથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો. મૃતકની લાશ મળી ત્યારે તે ગ્રામજનો અને પોલીસ સાથે ઘટનાસ્થળે નિર્ભય બની ફરતો રહ્યો અને તપાસમાં સહકાર આપતો હોવાનો દેખાવ કરતો હતો. જોકે CCTV ફૂટેજ, પશુ ખરીદનાર વેપારીની પૂછપરછ અને ઘટનાસ્થળેથી મળેલી નામ લખેલી લાકડીના આધારે પોલીસે સમગ્ર રહસ્ય ઉકેલી કાઢ્યું હતુ.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે મૃતક અને કિશોર વચ્ચે પશુ વેચાણના પૈસાને લઈને અગાઉથી તકરાર ચાલતી હતી. ઘટનાના દિવસે બંને વચ્ચે ફરી બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા કિશોરે લાકડી વડે રમણભાઈના માથામાં ફટકા મારતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પીઆઈ જે.સી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરાઈ હતી. ટેક્નિકલ સર્વેલન્સ, સ્થાનિક સૂત્રો અને CCTV ફૂટેજના આધારે પોલીસે તપાસ આગળ વધારી હતી. CCTVમાં કિશોર પશુઓ લઈને જતો દેખાતા પોલીસે પશુ ખરીદનાર વેપારીની પૂછપરછ કરી હતી. વેપારીએ પશુ કિશોર પાસેથી ખરીદ્યાનું સ્વીકારતાં તપાસની દિશા સ્પષ્ટ બની હતી. તપાસ દરમિયાન ઘટનાસ્થળ નજીકથી કિશોરના નામવાળી લાકડી મળી આવી હતી, જે હત્યામાં વપરાઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે હત્યા બાદ કિશોરે મૃતકના બે બકરા અને એક ઘેટું વેચીને રૂ. 9 હજારથી વધુ મેળવ્યા હતા અને તે પૈસાથી દમણ ફરવા જવાનો ઈરાદો હતો. હાલ કિશોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધોળા દિવસે રિદ્ધિ જવેલર્સમાંથી ચાંદીના દાગીના લઈને ફરાર

**સમગ્ર** ઘટના CCTVમાં કેદ, પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોર મહિલાને ઝડપી પાડી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના એમ.જી. રોડ પર જૈન મંદિર સામે આવેલી રિદ્ધિ જવેલર્સમાં ગ્રાહક બની આવેલી એક મહિલાએ ધોળા દિવસે રૂ. 1.50 લાખના ચાંદીના દાગીનાથી ભરેલી કાચની બરણીની ચોરી કરી હતી. જોકે ઘટનાના CCTV ફૂટેજના આધારે એમ.જી. રોડ પોલીસે ગણતરીના કલાકોમાં જ મહિલા તસ્કરને ઝડપી પાડી તેની પાસેથી રૂ. 1 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આજવા રોડના આદેશ્વરનગરમાં રહેતા અને રિદ્ધિ જવેલર્સના સંચાલક સુભાષભાઈ માંગેલાલભાઈ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ, 18 જુલાઈએ સાંજે તેઓ અંગત કામસર બહાર ગયા હતા અને દુકાનની જવાબદારી તેમની દીકરી રિયાશીને સોંપી હતી. દરમિયાન એક મહિલા ગ્રાહકના સ્વાંગમાં દુકાનમાં આવી હતી. થોડા સમય બાદ મહિલા ઉતાવળમાં નીકળી જતાં શંકા ઉપજી હતી.

સુભાષભાઈ દુકાને પહોંચીને તપાસ કરતાં કેશ કાઉન્ટર પાસે શો-પીસ તરીકે રાખેલી પાંચ કાચની બરણીઓમાંથી ચાંદીના દાગીનાથી ભરેલી એક બરણી ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. CCTV ફૂટેજમાં મહિલા તક મળતાં બરણી ઉઠાવી ફરાર થતી સ્પષ્ટ દેખાઈ હતી. ચોરી થયેલા મુદ્દામાલમાં અંદાજે રૂ. 80 હજારના 11 ચાંદીના છડા અને રૂ. 70 હજારના 14 ચાંદીના લક્કી સહિત કુલ રૂ. 1.50 લાખના દાગીના હતા. પોલીસે CCTVના આધારે આરોપી મહિલા રેખા ગોદડીયાને ઝડપી પાડી તેની પાસેથી ચોરીનો રૂ. 1 લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સોવેનિયર શોપ ફરી શરૂ થશે, લાલ કોર્ટ-માંડવી ગેટનું નવીનીકરણ

# શહેરના વિકાસને વેગ આપવા પાલિકાના મહત્વના નિર્ણયો, પ્રવાસનથી ટ્રાફિક સુધારા સુધી આયોજન

**અકોટા**-આજવામાં એક્વેરિયમ અને કમાટી બાગમાં ક્રોકોડાઇલ વ્યૂઈંગ પાર્કનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે મંગળવારે યોજાયેલી સાપ્તાહિક રિવ્યુ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, ટ્રાફિક વ્યવસ્થા, જાહેર પરિવહન અને નાગરિક સુવિધાઓને વધુ સશક્ત બનાવવા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. શહેરના ઐતિહાસિક વારસાને જાળવી રાખવાની સાથે આધુનિક સુવિધાઓનો સમન્વય સાધવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે શહેરની સોવેનિયર શોપ ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. સાથે જ લાલ કોર્ટ અને માંડવી ગેટના નવીનીકરણની કામગીરી ઝડપથી આગળ ધપાવવામાં આવી રહી છે. અકોટા-આજવા વિસ્તારમાં વિશાળ એક્વેરિયમ, સેવાસીમાં લીનિયર પાર્ક તથા કમાટીબાગમાં ક્રોકોડાઈલ વ્યૂઈંગ પાર્ક વિકસાવવાની યોજનાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

શહેરની વધતી ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે પોલીસ તંત્ર સાથે સંયુક્ત આયોજન કરી નવા પાર્કિંગ ઝોન, પાર્કિંગ ચાર્જની વ્યવસ્થા અને બ્રિજ નીચેની ખાલી જગ્યાઓમાં પાર્કિંગ સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. ગેરકાયદેસર પાર્કિંગ અટકાવવા માટે વિવિધ સ્થળોએ બોલાર્ડ્સ પણ લગાવવામાં આવશે. જાહેર પરિવહનને વધુ પર્યાવરણમૈત્રી બનાવવા ટૂંક સમયમાં 20 નવી ઈલેક્ટ્રિક બસો શરૂ કરવામાં આવશે, જ્યારે આગામી તબક્કામાં વધુ 80 ઈ-બસો ઉમેરવાની યોજના છે. બેઠકમાં વિકાસકામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ક્વોલિટી કંટ્રોલ અને પ્લાનિંગ સેલને વધુ સક્રિય બનાવવા સૂચના અપાઈ હતી. બેદરકારી દાખવનારા ઈજારાદારો, PMC અને થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. ઉપરાંત સમા ડાઈવિંગ પૂલ અને માંજલપુર ટ્રેકના રિનોવેશન, દૂષિત પાણી અને ડ્રેનેજ સમસ્યાના નિવારણ તેમજ સરકારી શાળાઓ, આંગણવાડીઓ અને હોસ્પિટલોના નવીનીકરણના કામોને પણ પ્રાથમિકતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

હાલની હોસ્પિટલની મર્યાદિત જગ્યાને કારણે નવા પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં મુશ્કેલી

# યવતેશ્વર કમ્પાઉન્ડની જમીન મળે તો એઈમ્સ સમકક્ષ SSGનું સ્વપ્ન સાકાર થાય

**દબાણ** દૂર થયા બાદ ખુલ્લી થયેલી જમીન હોસ્પિટલના વિસ્તરણ માટે ઉપયોગી બનશે; સિવિલ સર્જન ડો. રંજન ઐયરની રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.21

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી આરોગ્ય સંસ્થા ગણાતી સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સતત વધતી સંખ્યાને પગલે વિસ્તરણ માટે વધુ જમીનની જરૂરિયાત ઊભી થઈ છે. સયાજી હોસ્પિટલ સામે કાલાઘોડા નજીક આવેલા યવતેશ્વર મંદિર કમ્પાઉન્ડ વિસ્તારમાં કોર્ટના આદેશ બાદ ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા છે. હવે આ ખુલ્લી થયેલી જમીન સયાજી હોસ્પિટલને ફાળવવામાં આવે તો હોસ્પિટલને એઈમ્સ સમકક્ષ સુવિધાઓ સાથે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

સયાજી હોસ્પિટલના સિવિલ સર્જન ડો. રંજન ઐયરે જણાવ્યું હતું કે, યવતેશ્વર મંદિર નજીકની જમીન હોસ્પિટલને ફાળવવામાં આવે તો સુપર સ્પેશિયાલિટી વિભાગો, અદ્યતન સારવાર કેન્દ્રો, સંશોધન સુવિધાઓ, મેડિકલ શિક્ષણ માટેની આધુનિક વ્યવસ્થાઓ તેમજ દર્દીઓ અને તેમના સ્વજનો માટે જરૂરી સહાયક સુવિધાઓ વિકસાવી શકાય. હાલની હોસ્પિટલની મર્યાદિત જગ્યાને કારણે નવા પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં મુશ્કેલી પડી રહી છે.

સયાજી હોસ્પિટલમાં વડોદરા ઉપરાંત છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ, મહિસાગર, નર્મદા અને આસપાસના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. દર્દીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલના વિસ્તરણની જરૂરિયાત વધુ સ્પષ્ટ બની રહી છે. જૂના પાદરા રોડ પર આવેલું વેક્સિનેશન કમ્પાઉન્ડ સહિત હોસ્પિટલ આસપાસની ઉપલબ્ધ સરકારી જમીનનો આયોજનબદ્ધ ઉપયોગ કરવામાં આવે તો સમગ્ર વિસ્તારને સંકલિત મેડિકલ હબ તરીકે વિકસાવી શકાય તેમ હોવાનું પણ જણાવાયું છે. હોસ્પિટલની નજીક હોવાથી નવી સુવિધાઓને હાલના કેમ્પસ સાથે સરળતાથી સાંકળી શકાશે. ડો. રંજન ઐયરે શહેરના શુભચિંતકો અને વહીવટી તંત્રને આ દિશામાં સહયોગ આપવા અપીલ કરી છે. તેમના જણાવ્યા મુજબ, યવતેશ્વર કમ્પાઉન્ડની જમીનનો યોગ્ય ઉપયોગ માત્ર જમીન ફાળવણીનો નિર્ણય નહીં, પરંતુ વડોદરાના ભાવિ આરોગ્ય માળખાને નવી દિશા આપનાર ઐતિહાસિક પગલું બની શકે છે. યોગ્ય આયોજન સાથે વિકાસ કરવામાં આવે તો સયાજી હોસ્પિટલની સામે આધુનિક મેડિકલ સિટી ઊભી થઈ શકે છે, જે મધ્ય ગુજરાતના લાખો દર્દીઓને ઉચ્ચ સ્તરની આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



**સુપર સ્પેશિયાલિટી સુવિધા માટે સયાજીને જમીન જોઈએ**

આરોગ્ય સુવિધા નો વ્યાપ વધારવા મધ્ય ગુજરાત ની આ સૌથી મોટી હોસ્પિટલ ને એઇમ્સ સમકક્ષ બનાવવા મેડીસિટી ની પરિકલ્પના સાકાર કરવા આ જમીન અમો ને મળવી જોઇએ. મહારાજા નું સ્વપ્ન તો એ જ હતુ. વધતી જતી વિદ્યાર્થી ની સંખ્યા હોસટેલ વિગેરે ની જરુરિયાત, સ્ટાફ ક્વાટર્સ તથા સુપર સપેશિયાટી સુવિધા માટે જગ્યા ફાળવવી જરુરી છે. વેકિસન કંપાઉન્ડ પણ હવે જીલ્લા ના હવાલે થઇ ગયેલ છે અવેજી માં આ જગ્યા ખુબજ નજીક શહેર ની મધ્યે તથા હયાત સુવિધા ને અડી ને આવેલ છે. શહેર ના શુભચિંતકો મદદ કરે એવી અપેક્ષા. - **ડૉ રંજન ઐયર** - સુપ્રિટેન્ડેન્ટ (સયાજી હોસ્પિટલ)

# જાહેરમાં કચરો ફેંકનારાઓ પાસેથી દર મહિને ૧૫ થી ૨૦ લાખનો દંડ વસૂલાયો

**ડેપ્યુટી** મ્યુનિસિપલ કમિશનર વી. એમ. રાજપૂતની અધ્યક્ષતામાં વીકલી સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મહાનગરપાલિકા શહેરમાં સ્વચ્છતા જાળવવા જાહેરમાં કચરો ફેંકનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે. આ ઝુંબેશ હેઠળ પાલિકા દર મહિને અંદાજે 15થી 20 લાખનો દંડ વસૂલ કરી રહી છે. મંગળવારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) વી. એમ. રાજપૂતની અધ્યક્ષતામાં યોજાયેલી સાપ્તાહિક સમીક્ષા બેઠકમાં સ્વચ્છતા કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર, વોર્ડ ઓફિસરો અને સેનેટરી અધિકારીઓ હાજર રહ્યા હતા. સરકારના નવા પરિપત્રો મુજબ કામગીરી ઝડપી બનાવવા તેમજ સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર બલ્ક વેસ્ટ જનરેટરના રજિસ્ટ્રેશનની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત પાલિકાની કચેરીઓમાં સફાઈ, દિવસ-રાતની કામગીરી અને વીઆઈપી મુલાકાત દરમિયાન વિશેષ સફાઈ અંગે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

પાલિકા છેલ્લા એક વર્ષથી જાહેરમાં કચરો ફેંકતા નાગરિકો અને વેપારીઓ સામે ઝુંબેશ ચલાવી રહી છે. CCTV કેમેરા, કચરામાંથી મળતા પુરાવા અથવા દુકાનના નામના આધારે જવાબદારોને ઓળખી દંડ ફટકારવામાં આવે છે. પાલિકાએ શહેરને વધુ સ્વચ્છ અને સ્વચ્છતા નિયમોના અસરકારક અમલ માટે આ અભિયાન વધુ સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે.

# પાલિકાની સભા મોકૂફ, ૧૦ ઓગસ્ટે મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

છોટાઉદેપુરના વરિષ્ઠ આદિવાસી નેતા અને ગુજરાતના પૂર્વ વનમંત્રી મોહનસિંહ રાઠવાના 82 વર્ષની વયે થયેલા અવસાનના પગલે વડોદરા મહાનગરપાલિકાની મંગળવારે યોજાનારી સામાન્ય સભા મુલતવી રાખવામાં આવી હતી. છોટાઉદેપુર વિધાનસભા બેઠક પરથી રેકોર્ડબ્રેક 10 વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા મોહનસિંહ રાઠવાના નિધનથી સમગ્ર રાજ્યમાં શોકની લાગણી પ્રસરી છે. મહાનગરપાલિકાની સામાન્ય સભાની શરૂઆતમાં તેમના નિધન પર શોકપ્રસ્તાવ રજૂ કરી સભ્યોએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ શોકની લાગણીને ધ્યાનમાં રાખીને સભા મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મહાનગરપાલિકાએ જાહેરાત કરી છે કે મુલતવી રાખવામાં આવેલી સામાન્ય સભા હવે આગામી 10 ઓગસ્ટના રોજ યોજાશે.